# ઓવરટેક કરતી ટ્રકે સામેથી આવતી કારને ફંગોળી : બેના મૃત્યુ

## મુંબઈના બન્ને વેપારીઓ દિકરાને લઈને રાજસ્થાન જતા હતા : બન્ને બાળકોનો ચમત્કારિક બચાવ : ડ્રાઈવર ગંભીર : વલાદ પાસે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૬

મુંબઈના બે મોટા વેપારીઓ પોતપોતાના ૧૦-૧૨ વર્ષના દિકરાને લઈને રાજસ્થાન જવા કારમા નિકળ્યા હતા ત્યારે ગાંધીનગર નજીક વલાદ પાસે ઓવરટેક કરવા જતી ટ્રકે સામેથી આવતી આ કારને અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને વેપારીના કરૂણ મૃત્યુ નિપજયા હતા જયારે બંનેના દિકરાઓનો ચમત્કારીક બચાવ થયો હતો. પરોઢે સર્જાયેલા આ અકસ્માતમાં ડ્રાઈવરની હાલત હજુ ગંભીર છે. ડભોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.



મળતી માહિતી મુજબ મુંબઈના કાંદીવલી વિસ્તારમાં રહેતા વેપારી મંડળના પ્રમુખ ૪૧ વર્ષિય લાલચંદ ભીખારામજી ચૌધરી, તેમનો ૧૦ વર્ષનો દિકરો, તેમના વેપારી મિત્ર ૪૯ વર્ષિય ફારૂખ અબ્દુલભાઈ શેખ તથા તેમનો ૧૨ વર્ષનો દિકરો મળીને ચારેય બાપ-દિકરા મુંબઈથી કાર લઈને રાજસ્થાન જવા નિકળ્યા હતા. કાર તેમનો ડ્રાઈવર વિનય ચલાવતો હતો આજે વહેલી પરોઢે તેમની કાર નેશનલ હાઈવે નં. ૮ અમદાવાદ-ચિલોડા વચ્ચે ગીયોડ પાસે પહોંચી ત્યારે એમ.આર. મોટર્સની સામે તેમની કારને સામેથી બેફામ ગતિએ આવતી ટ્રકે ઓવરટેક કરતી વખતે અડફેટે લઈ લીધી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ)

ટ્રકની ટક્કરથી ફંગોળાઈને પટકાયેલી કારનો ખુડદો બોલી ગયો હતો. કારમાં સવાર વેપારી ફારૂખ શેખનું ઘટનાસ્થળે કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. જયારે લાલચંદ ચૌધરીનું અમદાવાદ ખાતે સારવારમાં લઈ જતા મૃત્યુ નિપજ્યું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં બંને વેપારીઓના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. તો બીજી તરફ ડ્રાઈવર વિનયને ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવ્યો છે જે હાલ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. સદ્નસીબે બન્ને વેપારીઓના નાના-નાના બાળકોનો ચમત્કારીક બચાવ થવા પામ્યો છે. તો બીજી તરફ આરોપી ટ્રકચાલક ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે સુરેશ ચૌધરીની ફરીયાદને આધારે ટ્રકચાલક સામે ગુનો નોંધી ફરાર આરોપી ડ્રાઈવરને પકડવા તજવીજ શરૂ કરી છે.



ગાંધીનગર શહેરના અક્ષરધામ પાસે રોડ પર બેફામ ગતિએ જતી એક ગાડીએ ઈટીયોસ ગાડીને અડફેટે લઈ લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બન્ને કારને નુકશાન થવા પામ્યુ હતુ. સદ્ભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજાઓ કે જાનહાનિ થવા પામી ન હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલે સિવિલ હોસ્પિટલનું નિરીક્ષણ કર્યું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે આજરોજ સવારના સમયે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરની મુલાકાત લઈ સ્વચ્છતાલક્ષી કામગીરી, ઉપલબ્ધ વિવિધ સેવાઓ, વિવિધ વોર્ડનું નિરીક્ષણ કર્યું હતું. ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે કેસ બારી, જનરલ વોર્ડ, ગાયનેક વોર્ડ, સર્જીકલ વિભાગ, ઘનિષ્ઠ સારવાર કેન્દ્ર, સ્ત્રીઓનો વોર્ડ, પુરૂષોનો વોર્ડ, લેબોરેટરી અને અન્ય તમામ વિભાગોની મુલાકાત લીધી હતી. ઈન્ડોર વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દીઓના ખબરઅંતર પૂછી સારવાર વિશેની માહિતી મેળવી હતી.

તેઓશ્રીએ નવા કાર્યરત કરાયેલ અધતન જનરલ ઓ.પી.ડી અને ઈન્ડોર પેશન્ટ વિભાગની પણ મુલાકાત લીધી હતી અને જરૂરી સૂચનો કર્યા હતા. હોસ્પિટલ સંકુલનું પણ તેમણે નિરીક્ષણ કરી સ્વચ્છતા જાળવતી માટે સૂચન કર્યો હતાં. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અત્યાધુનિક સારવાર-સુવિધા અને સ્વચ્છતાની રાખવામાં આવતી



જાળવણીથી તેમણે -સન્નતા વ્યકત કરી હતી.

આ -સંગે આરોગ્ય વિભાગના અધિકારીઓ સર્વશ્રી ડૉ. બુચ (સી.ઈ.ઓ, જી. એમ. ઈ. આર. એસ), ડૉ. એન. બી. ધોળકિયા નાયબ નિયામક, આરોગ્યત-તબીબી સેવા કમિશનરશ્રીની કચેરી, સિવિલ સુ-િટે-ડન્ટ શ્રી ડૉ. સૈયદ, આર.એમ.ઓ શ્રી ડૉ. દક્ષાબેન પુજારા, આસિસ્ટન્ટ આર.એમ.ઓ ડૉ. એચ. કે. નાયક, મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી ગોંવિદભાઈ વગેરે ઉપસ્થિતિ રહયાં હતા.

ઉલ્લેખનીય છે કે આધુનિક સારવાર-સેવા સુવિધાથી સજ્જ સિવિલ હોસ્પિટલમાં કુલ-૪૧૫ પથારીની સગવડ છે. જિલ્લાની જરૂરિયાતને અનુલક્ષીને અધતન બીજું સંકુલ કાર્યરત કરવામાં આવ્યું છે. જેમાં હાડકા સંબંધી, બાળકો, સ્ત્રીરોગની ઓ.પી.ડી તથા વિશેષ ઈન્ડોર વોર્ડ કાર્યરત કરવામાં આવેલ છે.

# ભારતીય વિદ્યાર્થીઓને યુ.એસ.ની શૈક્ષણિક ઈન્સ્ટીટ્યુટ્સમાં પ્રવેશ અપાશે

## યુનાઈટેડ ગૃપ દ્વારા પેનસિલ્વેનીયા સાથે ઈન્ડિયા હબ ફોર હાયર એજ્યુકેશન એન્ડ ગ્લોબલ પાર્ટનરશીપ હેઠળ કરાર : અમેરિકાના વિદ્યાર્થીઓને પણ ગુજરાતમાં તાલીમની તક મળશે



યુનાઈટેડ ગૃપ દ્વારા અમેરિકાના પેન સિલ્વેનીયા સ્ટેટ સાથે ઈન્ડીયા હબ ફોર હાયર એજ્યુકેશન એન્ડ ગ્લોબલ પાર્ટનરશિપ હેઠળ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. જેના અંતે હવે ભારતના વિદ્યાર્થીઓને વિશ્વભરનું શિક્ષણ પુરૂ પાડવાની વધુ સારી તક ઉપલબ્ધ થશે. ભારતીય વિદ્યાર્થીઓને યુ.એસ. ઈન્સ્ટીટ્યુટસ દ્વારા ચાલતા પ્રોગ્રામમાં સતત પ્રવેશ મળશે. જયારે અમેરિકાના વિદ્યાર્થીઓને પણ ગુજરાતમાં તાલીમની તક મળશે.

આ સમજૂતિના કરાર ઉપર સહી કરવા પ્રસંગે યુનાઈટેડ ગ્રુપના મેનેજીંગ ડિરેક્ટર રિતેષ હાડા અને પેનસિલ્વેનીયાનાં ખાસ દૂત તથા ભારત ખાતેનાં માનદ એમ્બેસેડર કનિકા ચૌધરીએ કર્ણાવતી નોલેજ વિલેજ, ઉવારસદ, ગાંધીનગર ખાતે હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના મા. ન્યાયમૂર્તિ રવિ આર. ત્રિપાઠી અને સિનિયર એડવોકેટ તથા ગુજરાત લૉ સોસાયટીના ચેરમેન સુધીર નાણાંવટી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. જે અન્ય મહાનુભાવો આ સમારંભમાં હાજર રહ્યા હતા તેમાં યુએસ એમ્બેસી, નવી દિલ્હીના મિનિસ્ટર કાઉન્સેલર જહોન મેકાસ્લીન, ડેપ્યુટી સેક્રેટરી, કોમનવેલ્થ ઓફ પેનસિલ્વેનીયા વિલ્ફ્રેડ મુસ્કીન્સ, કોમનવેલ્થ ઓફ પેનસિલ્વેનીયા, યુએસએના પ્રેસિડેન્ટ ડોન ફ્રાન્સીસ, નોર્થ અમેરિકન મિડલ ... કેવેનોગ તથા સીમબાયોસીસ સોસાયટીના ડિરેક્ટર ડૉ. વિદ્યા યેરવડેકર હાજર રહ્યા હતા.

આ સમારંભને સંબોધન કરતાં હાડાએ જણાવ્યું હતું કે 'કોમનવેલ્થ ઓફ પેનસિલ્વેનીયા સાથે સમજૂતિના કરાર ઉપર હસ્તાક્ષર એ શૈક્ષણિક ઉત્કૃષ્ઠતાની ખેવનાની દિશામાં અમારૂ એક મહત્વનું સિમાચિહ્ન છે. તેનાથી વિદ્યાર્થીઓ અને અધ્યાક સમુદાયને બહેતર એકેડેમિક અને ક્લિનિકલ જ્ઞાન પ્રાપ્ત થશે તથા આપણી શૈક્ષણિક સંસ્થાઓને તથા તેમના અમેરિકાના સહયોગીઓને સુવિધાઓ મળશે. આ ઐતિહાસિક ક્ષણે અમે પેનસ્લિવેનીયાની સરકાર, કે જે પ્રિમિયર સ્ટાન્ડર્ડાઈઝેશન, ગુણવત્તા નિયંત્રણ રજૂ કરનાર પ્રથમ અને એક માત્ર અમેરિકાનું રાજ્ય છે, અને ભારતની એક્રીડીટીંગ સંસ્થા છે તેની સાથે સહયોગ કરતા ગૌરવ અનુભવીએ છીએ.'

યુનાઈટેડ ગ્રુપ એ પ્રતિષ્ઠીત શૈક્ષણિક ગ્રુપ છે અને યુનાઈટેડ વર્લ્ડ સ્લૂક ઓફ બિઝનેસ, યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈન, યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લોની સાથે સાથે કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રી જેવા ડેન્ટલ સાયન્સના તથા ટોચના શૈક્ષણિક સેનટ્ર ચલાવે છે.

પેનસ્લિવેનીયા ઈન્ડિયા હબ એ ભારત અને અમેરિકા વચ્ચે સૌ પ્રથમ હાયર એજયુકેશન અને ગ્લોબલ પાર્ટનરશીપનું હબ છે અને ... હાયર એજ્યુકેશનની સંસ્થાઓ અને બિઝનેસીસ વચ્ચે અધિકૃત કડી તરીકે કામ કરશે. તેના મુખ્ય ઉદ્દેશોમાં યુનિવર્સિટી પાર્ટનરશીપને પ્રોત્સાહન, સંયુક્ત સંસોધન કાર્યક્રમો હાથ ધરવા, અધ્યાપક સમુદાયને સુવિધાઓ પુરી પાડવી, વર્કશોપના સંચાલન અને સ્કોલરશીપ ઓફર કરવાનો સમાવેશ થાય છે. કોમનવેલ્થ ઓફ પેનસ્લિવેનીયાની આ હિલચાલથી ભારત સાથે ઉચ્ચ સ્તરના સંબંધો વિકસશે. આ હબનું સંચાલન અને સંકલન પેનસ્લિવેનીયાના ખાસ દૂત કનિકા ચૌધરી કરશે, જેમને ફીલાડેલ્ફિયાના મેયર દ્વારા ભારત ખાતે માનદ્ એમ્બેસેડર તરીકે નિમવામાં આવ્યા છે. પેનસ્લિવેનીયા ૨૦ વર્ષ પહેલાં ભારતમાં ટ્રેડ ઓફિસ સ્થાપનાર અમેરિકાનું પ્રથમ સ્ટેટ તો હતું જ, પણ તે સ્પેશ્યલ એન્વોય ધરાવતું એક માત્ર સ્ટેટ છે. આ સ્ટેટ દ્વારા કેટલાક વ્યૂહાત્મક પ્રયાસો હાથ ધરાયા છે, જે ભારત અને અમેરિકા વચ્ચે શૈક્ષણિક પ્રવાસન અને આર્થિક સંબંધો સુદ્રઢ બનાવશે.

# સ્વામિનારાયણ પાર્ટી પ્લોટમાં ચાલુ લગ્ન સમારંભમાં આગ

## રસોઈ બનાવતા ગેસનો બાટલો લીક થતાં સમારંભમાં નાસભાગ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક અડાલજ-કોબા માર્ગ પર સ્થિત સ્વામિનારાયણ પાર્ટી પ્લોટમાં ગઈ મોડી સાંજે એક ચાલુ લગ્ન સમારંભમાં ગેસ લીકેજ બાદ આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. જો કે ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ ગેસ લીકેજ થતો બંધ કરી પરિસ્થિતિ નિયંત્રીત કરી દીધી હતી. સદ્ભાગ્યે કોઈને ઈજા કે જાનાહાનિ થવા પામી ન હતી.

અડાલજથી કોબા જતાં માર્ગ પર આવેલા સ્વામિનારાયણ પાર્ટી પ્લોટમાં ગઈ મોડી સાંજે એક લગ્નના રિસેપ્શનનું આયોજન થયેલુ હતુ. મહેમાનોની પધરામણી થઈ ગઈ હતી અને જમણવાર શરૂ થઈ ગયો હતો. તે દરમ્યાન અચાનક રસોઈ બનાવતી વખતે ગેસ લીકેજ થતા ગેસની પાઈપના ભાગથી આગ ભભુકી ઉઠી હતી. તાબડતોબ માટી નાંખીને આગ કાબુમાં લઈ લેવામાં આવી હતી. બીજી તરફ આગ બેકાબુ ન બને તે માટે ફાયર બ્રિગેડને બોલાવી લેતા લીકેજ ગેસના બાટલાને બહાર લઈ જઈને દુર્ઘટના થતા અટકાવી દીધી હતી. સદ્નસીબે આ આગ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

# અસલી અમેરીકન ડોલરની નોટો સાથે ડુપ્લીકેટ ડોલર વટાવવા આવેલ ઈસમ ઝડપાયો

ગાંધીનગર, તા. ૬

સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુ.રા. ગાંધીનગરના પો.ઈન્સ. શ્રી એન.વી. પટેલને ખાનગી રાહે બાતમી મળેલ કે ઈસમ નામે મહેશભાઈ પરમાર રહે. ભાવનગર તેના કબ્જામાં ડુપ્લીકેટ ડોલર રાખી વટાવવા માટે નિકળેલ છે અને તે વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસે ડીલીવરી આપવા જવાનો છે. તે મળેલ બાતમી આધારે પો.સ.ઈ. શ્રી ડી.એમ. ઢોલ સાથે સદરહું બાતમી હકીકતવાળી જગ્યાએ ઉપરોક્ત ઈસમ આવતા તેની અંગ ઝડતી કરતાં ડુપ્લીકેટ અમેરિકન ડોલર ૫૦૦૦ જે ૧૦૦ ના દરની કુલ નોટો નંગ-૫૦ જેનું ભારતીય મુલ્ય રૂ. ૩,૦૫,૦૦૦ જેની કિંમત રૂ. ૦૦ (શૂન્ય)નું તથા ચાલુ વપરાશના અમેરિકન ડોલર ૧૨૭૯ જેનું ભારતીય મુલ્ય રૂ. ૭૮,૦૧૯નું વિદેશી ચલણી નાણું કબ્જામાં રાખી આ ડુપ્લીકેટ ડૉલર ચાલુ વપરાશના ડોલરની નોટોમાં રાખી તેને વટાવી અસલ ભારતીય ચલણી નાણું મેળવી ભારત દેશના અર્થતંત્રને નુકશાન પહોંચાડવાના હેતુસર કબ્જામાં રાખી હેરફેર કરતાં તેને પકડી અટક કરી તેના વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૪૮૯(ખ)(ગ) તથા ૧૨૦(બી) મુજબ વડોદરા શહેર સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ. આ આરોપી ઉપરોક્ત ડુપ્લીકેટ અમેરિકન ડોલર અલંગ જી. ભાવનગર ખાતે રહેતા વસીલા નામના ઓરીસ્સાના વતની યુવક પાસેથી લાવેલ હોવાનું જણાવેલ છે.

# દશેલા પાસે મોપેડની ટક્કરે આધેડનું મૃત્યુ

## સે. ૪-ડીમાં રહેતા મોપેડ ચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલ દશેલા ગામમાં રહેતા ૪૨ વર્ષીય આધેડ ગાભુજી ભલાજી ઠાકોર ગઈ મોડી સાંજે પોતાના ઘરેથી ગામની સીમ તરફ કુદરતી હાજતે જઈ રહ્યા હતા ત્યારે સડસડાટ આવતા મોપેડ પ્લેઝરના ચાલકે તેમને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયા હતા. અકસ્માતમાં આધેડનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે દશેલાના અરવિંદજી ઠાકોરની ફરિયાદને આધારે પ્લેઝરના ચાલક સે. ૪-ડી ખાતે રહેતા જીગ્નેશ પોપટજી રાઓલ સામે ચિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે ૯મીએ બેઠક

ગાંધીનગર, તા. ૬


ગાંધીનગર કોર્પોરેશનમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને ખાનગી કરણમાં ફરજ બજાવતા સફાઈ કામદારો તેમજ વાલ્મીકી સમાજના ઝુપડપટ્ટીના રહીશોએ જણાવેલ છે કે વખતોવખત રજુઆત કરવા છતાં પડતર પ્રશ્નોનો અંત ન આવતા તા. ૯મી ડિસેમ્બરના બપોરે એક વાગે સેક્ટર-૧૨ના બગીચામાં સામાન્ય સભા રાખેલ છે. દબાણ હેઠળ પડતા ઝુંપડપટ્ટીના રહીશો તેમજ કોર્પોરેશનના સફાઈ કામદારો કોન્ટ્રાક્ટ મુદતી પર કામ કરતા સફાઈ કામદારોને હાજર રહેવા જણાવેલ છે.

અધ્યક્ષ રામેશ્વર લોટ, નારણભાઈ બી. ચુડાસમા, મંત્રી મણીભાઈ વાઘેલા, ઉપાધ્યક્ષ દિનેશભાઈ સોલંકી, પુરૂષોત્તમભાઈ મકવાણા, મગનભાઈ એન. કબીરા, મહામંત્રી ભરતભાઈ વાઘેલા, કન્વીનર પ્રભુ બી. કબીરાએ જણાવેલ છે.

# ચિલોડા ખાતે હોમગાર્ડસ દિવસની ઉજવણી કરાઈ


ચિલોડા, તા.૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આજે નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડસ દિવસ નિમિત્તે ચિલોડા હોમગાર્ડસ યુનિટ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ત્રણ દિવસથી જનજાગૃતિ અભિયાન હાથ ધરાયુંહતું. તેમજ આજે બ્લડગૃપ ચેકીંગ, સ્વચ્છતા અભિયાન અને શેરી મેમોરિયલ પરેડ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ)

આ કાર્યક્રમનો પ્રારંભ વહેલી સવારે હોમગાર્ડસના જવાનોની ગણવેશમાં શિસ્તબદ્ધ રીતે કાઢવામાં આવેલ પ્રભાત ફેરી દ્વારા થયો હતો. આ દરમિયાન જવાનોએ પરેડ પણ કરી હતી. ત્યાર બાદ સ્મૃતિ વિકાસ શાળામાં મંદબુધ્ધિના બાળકોને ફળફળાદિનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના કન્વીનર વશરામભાઈ, હોમગાર્ડસ યુનિટના પ્લાટુન સાર્જન્ટ બી.એન. જાદવ અને ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. અત્રે



ઉલ્લેખનીય છે કે હોમગાર્ડસના જવાનો દેશની આંતરિક સુરક્ષા તેમજ પુર, ભૂકંપ કે વાવાઝોડા જેવી કુદરતી આફતોમાં કે માનવ સર્જિત આફતોમાં ખડે પગે સેવાઓ આપે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૦
સૂર્યાસ્ત : ૫.૫૩

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્કીન-૨ :
ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
કિલ/દીલ : ૪.૧૫
સ્કીન-૩ :
મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
: સ્કીન-૩ :
એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધ હંગર ગેમ : ૫.૦૦
: સ્કીન-૪ :
એકશન જેકસન : ૧૦.૦૦
ઝીદ : ૧.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦
ઉંગલી : ૧૦.૦૦
: સ્કીન-૫ :
એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦
: સ્કીન-૬ :
એકશન જેકસન : ૪.૪૫
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
ઉંગલી : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**વૃષભ** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : ભૂમિ-સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. રુખીબેન કાળાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. બાબુજી રૂમાલજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. હંસાબેન મંગલભાઈ પિવાલ (ઉ.વ.૩૦) બ્લોક નં. ૧૨૬/૩, જ-ટાઈપ, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. શાંતિદેવી રામેશ્વરનાથ ભાટલા (ઉ.વ.૮૫) બ્લોક નં. ૧૦૪, સહકાર કોલોની, સે-૨૫, ગાંધીનગર
- સ્વ. વિક્રમભાઈ સોમચંદભાઈ પરમાર (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૫૩/૨, સે-૩એ, ગાંધીનગર
- સ્વ. વિષ્ણુભાઈ મેરુભાઈ નાયક (ઉ.વ.૩૫) સે-૪ડી નાં છાપરાં, ગાંધીનગર